સને ૨૦૧૪-૧૫ વર્ષ માટે ગુજરાતનાં સુપ્રસિધ્ધ પવિત્ર યાત્રા સ્થળો અંબાજી, શામળાજી, ઉનાઇ, ચોટીલા, તથા ખોડિયાર (ભાવનગર), ભરૂચ ખાતે શુક્લ તીર્થ કબીર મેળો, રાણકીવાવ વગેરે ખાતે ઉત્સવો યોજવા અંગેની રૂ.૧/- કરોડની કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત..

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
આવક નંબર ૯૪૯૦
તારીખ ૦૬.૦૮.૧૪
શાખા

ગુજરાત સરકાર
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ઠરાવ ક્રમાંક :યસપ/૧૦૨૦૧૪/૮૩૫/અ
બ્લૉક નં ૨ ,૮મો માળ ,સરદાર ભવન ,
સચિવાલય ,ગાંધીનગર -૩૮૨૦૧૦
ઓ.ફોન નં :૦૭૯-૨૩૨૫૧૩૮૪
www.sycd.gujarat.gov.in
e-mail id:so-a-synca@gujarat.gov.in
તા.૦૨/૦૮/૨૦૧૪

વંચાણે લીધા:-

૧ કમિશ્નરશ્રી, યુ.સે.અને સાં.પ્ર.નો તા.૧૧/૦૬/૨૦૧૪નો પત્ર ક:યસપ/સંસ્કૃતિ/૨૦૧૪-૧૫/ગ-૨

પ્રસ્તાવના:

ગુજરાતનાં સુપ્રસિધ્ધ પવિત્ર યાત્રા સ્થળો જેવા કે ડાકોર ,સોમનાથ,દ્વારકા, સિધ્ધપુર ખાતે રાજ્યનાં રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તરફથી દર વર્ષે જે-તે સ્થળોના મહિમા આધારીત" વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમો "યોજવામાં આવે છે .આ પ્રકારના કાર્યક્રમોને આમજનતા તરફથી સારો પ્રતિભાવ મળતો હોઇ પ્રવાસન પ્રવૃત્તિને ગુજરાતના વિકાસને વેગ મળે છે.

તેથી ગુજરાત રાજ્યના અન્ય પવિત્ર યાત્રાસ્થળો જેવા કે અંબાજી, શામળાજી, ઉનાઉ, ચોટીલા, ખોડીયાર(ભાવનગર), ભરૂચ ખાતે શુક્લ તીર્થ કબીરા મેળા વગેરે અથવા રાજ્ય સરકારશ્રી સુચવે તે સ્થળોએ વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા અંગે કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક:૧થી સને ૨૦૧૪-૧૫ માટે રૂ.૧/-કરોડ (અંકે એક કરોડ પુરા)ની નવી બાબતની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે ગુજરાતનાં સુપ્રસિધ્ધ પવિત્ર યાત્રા સ્થળો અંબાજી ,શામળાજી ,ઉનાઇ ,ચોટીલા ,ખોડિયાર (ભાવનગર), ભરૂચ ખાતે શુક્લ તીર્થ કબીર મેળો તથા રાણકીવાવ ખાતે ઉત્સવો યોજવા માટેની રૂ.૧ -/કરોડની કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની નવી બાબતને નીચે દર્શાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :

દરખાસ્તના રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણા વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૨) આ દરખાસ્ત અંગે વિધાનસભાની બજેટ જોગવાઇની મંજૂરી મળ્યા બાદ વહીવટી વિભાગે ના.વિ. ખર્ચ પ્રભાગ દ્વારા સુચવ્યા મુજબ જરૂરી ઠરાવ કરી ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરાવી લેવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સુચનાનોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) યોજનાના ધારાધોરણો નક્કી કરવાના રહેશે.

(૧૦) આ ખર્ચ તા.૦૧/૦૮/૨૦૧૪થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૮-૨૨૦૫-કલા અને સંસ્કૃત્તિ-૧૦૨-કલા અને સંસ્કૃત્તિને ઉત્તેજન-૦૮-એઆરટી-૦૮, કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ-આયોજન (પ્લાન) સદર હેઠળ કરવાનો રહેશે. તથા આ હેતુ માટે મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૩૧/૦૭/૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B.N. [signature]

(ભાવેશ એરડા)

નાયબ સચિવ (સાં.પ્ર.)

રમતગમત ,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ

પ્રતિ,

૧. માન.રા.ક.મંત્રીશ્રી (રમતગમત યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ), સચિવાલય,ગાંધીનગર.

C:\Users\Admin\Desktop\Upasane\BNA\ysp102014.835A-new_item.docx

૨. સચિવશ્રી, રમતગમત યુવા અને સાં.પ્રવૃત્તિઓ, સચિવાલય, ગાંધીનગર.

૩. કમિશ્નરશ્રી,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

૪. નાણા સલાહકારશ્રી (ર.ગ.),બ્લોક નં.૫, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર

૫. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ

૬. પગાર અને હિસાબી અધિકારી,ગાંધીનગર/અમદાવાદ

૭. તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.

૮. સેક્શન અધિકારીશ્રી,(ક-શાખા),રમતગમત,યુવા અને સાં.પ્રવૃત્તિઓ, સચિવાલય, ગાંધીનગર.

૯. સેક્શન અધિકારીશ્રી,(અ-શાખા), રમતગમત,યુવા અને સાં.પ્રવૃત્તિઓ, સચિવાલય, ગાંધીનગર.

૧૦. નાયબ સેક્શન અધિકરીશ્રી,સીલેક્ટ ફાઇલ

૧૧. શાખા સીલેક્ટ ફાઇલ